**ક્રી.કેસ નં. ૯૦૬/૨૦૨૬**

**દેડીયાપાડાના મે.એડી.ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં,મુ. દેડીયાપાડા**

**ક્રિમીનલ કેસ નંબર:– ૯૦૬/૨૦૨૬**

**આંક:– ૫**

**ફરીયાદી :– શ્રી સરકાર**

**વિરૂધ્ધ**

**આરોપી :– ચૈતરભાઈ જાતરીયાભાઈ વસાવા,**

**રહે. દેડીયાપાડા, જી.નર્મદા**

**ગુનો:– ધી પ્રોહીબીશન એકટની કલમ ૬૬(૧)બી મુજબ**

**–//ઠરાવ//–**

**(૧)**ફરિયાદપક્ષના કેસની હકીકત એવી છે કે, આરોપી સામે ગુજરાત નશાબંધી ધારાની કલમ–**૬૬(૧)બી** મુજબના શીક્ષાને પાત્ર ગુના દાખલ થયેલ અને તપાસના અંતે આરોપી વિરુધ્ધનું ચાર્જશીટ અત્રેની કોર્ટ સમક્ષ રજુ કરવામાં આવેલ છે.

**(૨)** આરોપી કોર્ટ રૂબરુ હાજર થતા તેઓને પોલીસ પેપર્સની નકલો મફત આપ્યાની ખાત્રી આપેલ છે.

**(૩)** આરોપીએ ગુના કબુલાત પુરસીસ આપી એમાં જાહેરાત કરેલ છે કે, મારો આ પ્રથમ ગુનો છે. અમો સામાન્ય અને ગરીબ વર્ગનાં છીએ. અમારે કોઈ સ્થિર ધંધો નથી. અમો છુટક મજુરીનું કામ કરીએ છીએ. અમોને મજુરી પણ દરરોજ મળતી નથી, જેથી અમો અમારુ તેમજ અમારા કુટુંબનું ગુજરાન કરી શકીએ તેવીસ્થિતીમાં ન હોવાથી અમારાથી તણાવમાં ગુનો થયેલ છે. અમોએ દારુ પીધેલ હાલતમાં કોઈ ઉપદ્રવ કરેલ નથી કે ઝઘડો કરેલ નથી, અસભ્ય વર્તન કરેલ નથી. અશિષ્ત ભાષા વાપરેલ નથી કે, મારા મારી કરેલ નથી અને આ મુજબનો અમારા વિરુધ્ધ આક્ષેપ પણ નથી. ચાર્જશીટમાં જાહેર રસ્તામાં વગર પાસ પરમીટે દારુ પીધેલ હાલતમાં લથડીયા ખાતા બકવાસ કરતા મળી આવ્યાનો માત્ર આક્ષેપ છે. અમારી આર્થિક પરિસ્થિતી સારી ન હોઈ ઉપરાંત રોજગાર પણ ન હોઈ ટ્રાયલ ચાલતા દરમીયાન અમારે વારંવાર

આવવું જરુર પડે ઉપરાંત વકીલ રોકવા માટે પૈસા ખર્ચવાની જરુરીયાત રહે અને અમોને કયારેક રોજગારી મળે છે તે પણ ખોરવાઈ જાય જે તમામ હકીકતોએ આ અમારો પ્રથમ ગુનો હોઈ અમો અમારી ભુલ સુધારવા માંગીએ છીએ અને કોર્ટની કાર્યવાહીમાં સમય અને નાણાંનો વ્યય અમારો તથા કોર્ટનો ન થાય તેવા ઉદદેશથી માફી આપવા અને રહેમ રાખવા અરજ ગુજારીએ છીએ.

**(૪)** હાલના કામનાં આરોપી પોતે સ્વેચ્છાએ ગુનો કબુલ કરવા માટે **કબુલાત પુરસીસ આંક–૪ થી** રજુ કરેલ છે અને જણાવેલ છે કે, અમારો આ પ્રથમ ગુનો છે અનો ગરીબ બાળબચ્ચાવાળા માણસ છે અને ભવીષ્યમાં આવો કે આવા પ્રકારના ગુનો ન કરવાને કોર્ટ ને ખાત્રી આપીએ છીએ.અમો આજરોજ ગુનો કબુલ કરવા માંગીએ છીએ અમારુ આ પ્રથમ ગુનો છે અને અમોને સદર ગુના બદલ પસ્તાવો છે. અમો ગરીબ વર્ગના છે અને અમોને કોઈ સ્થિર ધંધો નથી તેથી અમો છુટક મજુરી કરી અમારુ અને અમારા કુટુંબનું ગુજરાન ચલાવીએ છીએ. અમોને મજુરી પણ દરરોજ મળતી નથી, તેથી અમો અમારો તેમજ અમારા કુટુંબનું ગુજરાન ચલાવી શકે તેમ ન હોઈ અમારા થી તણાવમાં આ ગુનો થયેલ છે અમારી આર્થિક પરીસ્થિતી સારી ન હોઈ તેમજ રોજગાર પણ ન હોઈ ટ્રાયલ ચાલતા દરમીયાન અમારે વારંવાર આવવાની જરુર પડે જેના કારણે અમોને કયારેક રોજગારી મળે છે તે પણ ખોરવાઈ જાય છે. અમારો પ્રથમ ગુનો હોઈ અને અમોને અમારા ગુનાનો પસ્તાવો છે. અમો અમારી ભુલ સુધારવા માંગીએ છીએ અને અમો ગરીબ વર્ગના છીએ અને પરીવારની તમામ જવાબદારી અમારા ઉપર છે. આરોપીને સજાની જોગવાઈ અંગે જણાવવામાં તથા સમજાવવામાં આવે છે તેમ છતાં આરોપી સદર ગુનો કબુલ કરતા હોય આરોપીની કબુલાત સ્વેચ્છીક જણાય છે.

**(૫)** આ ગુનાની ટ્રાયલ માટે હાલના સરકારી અમલદાર ફરીયાદી, સરકારી અમલદાર સાહેદ, પંચો, સરકારી અધિકારી, ડોકટર સાહેદ અને સરકારી અધિકારી તપાસ કરનાર અમલદારને તપાસ્યા બાદ જો વ્યાજબી શંકાથી પર પુરાવો રેકર્ડ ઉપર આવે ત્યારે આરોપીને સજા થાય. વર્તમાનમાં કોર્ટમાં પેન્ડીંગ કેસની સાથે નવા દાખલ થતા કેસોનું પ્રમાણ લક્ષમાં લેતાં ટુંકા સમયમાં હાલના ગુનાની ટ્રાયલ ચલાવીને પુરી કરવી સંભવી શકે નહી. આરોપીનો સમય, ફરીયાદપક્ષે સરકારી વકીલનો સમય, સરકારી સાહેદોનો સમય તથા કોર્ટ નો સમય તથા જે આ

ટ્રાયલ પાછળ વ્યતિત થાય અને ટ્રાયલને અંતે આરોપી કસુરવાર ઠરે ત્યારે તેણે ગુના કબુલ સંદર્ભે રજુ કરેલી હકીકતોની સાથે સરકારી તથા કોર્ટનો અને પક્ષકારોનો જે સમય બચે છે તે અન્ય ગંભીર ગુનાની ટ્રાયલમાં ઉપયોગ કરી શકાય તેમ હોઈ ઉપરાંત આરોપી જયારે પસ્તાવા સાથે ગુનાની કબુલાત કરતો હોય ત્યારે રેકર્ડ ઉપર આવેલી તમામ હકીકતો અને તમામ પરીસ્થિતીઓને ધ્યાને લઈ તેમજ **ગુજરાત રાજય વિ.નટવર હરચંદજી ઠાકોરના** ચુકાદામાં નામ.વડી અદાલતે પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત ધ્યાને લઈ નકકી કરેલી ઓછામાં ઓછી સજા કરતાં ઓછી સજા કરીને ઓછામાં ઓછો દંડ ભરવાનો હુકમ કરવામાં આવે તો ન્યાયનું હિત જળવાઈ રહે તેમ હોઈ ઉપરોકત સંજોગોને ધ્યાને લઈ આરોપીને દોષિત ઠરાવી ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**–: હુકમ :–**

**બી.એન.એસ.એસ.ની કલમ–૨૬૪** અન્વયે આરોપીને **ધી ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ–૬૬(૧)બી** મુજબના ગુન્હા બદલ કોર્ટ ઉઠતા સુધીની સજા તથા **રૂા.૨૦૦/–(અંકે રૂપિયા બસો પુરા)** નો દંડ ભરવાનો હુકમ કરવામાં આવે છે અને જો દંડ ન ભરે તો **દિન–૨** ની સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવે છે.

**ઠરાવ, આજરોજ લોક અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.**

**તારીખ:– ૧૧/૦૭/૨૦૨૬**
**સ્થળ– દેડીયાપાડા**

**(નિખીલ ચંદ્રસેન જાધવ)**
**એડી.ચીફ જયુડી.મેજી.,**
**દેડીયાપાડા**
**(કોડ નં.જી.જે.૦૧૨૧૫)**